**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૫/૦૪/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૩૩ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓની અટકાયત કરી રૂપિયા ૧૦,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૦૯/૧૭**

**ખોખરાઃ માલતીબહેન રસીકલાલ જોષી** (ઉ.વ.૫૦) (**રહે. કર્મભુમી સોસાયતી વિજયપાર્ક સામે ગોરના કુવા ખોખરા) એ તા.૪/૪/૧૭ નારોજ ખોખરા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પાટણ જીલ્લાની સમી તાલુકામા જમીન બાબતેનો કેસ લડવા વકીલ, **ઓમપ્રકાશ બાબુલાલ શાહ (રહે. પવિત્રકુંજ સોસાયટી સી.ટી.એમ અમરાઇવાડી)** ને રોકયા હતા. **તા.૧૮/૧/૧૭ સાંજના ૭/૦૦** વાગ્યાના સુમારે વકીલ ઓમપ્રકાશ શાહ, માલતીબહેનના ઘરે આવી પૈસાની માંગણી કરી હતી પરંતુ માલતીબહેન તથા તેમના પતિ રસીકલાલે પૈસા નથી તેમ કહેતા ઓમપ્રકાશ શાહ ઉસ્કેરાઈ જઈ હાથાપાઈ કરી હતી તેમજ કોર્ટ કેસ રફે દફે કરી નાખવાની ધમકી આપતા માલતીબહેનના પતિ **રસીકલાલ જોષીએ** પોતાના શરીર ઉપર પેટ્રોલ છાંટી સળગી ગયા હતા. જેઓનુ સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **એલ.જે.વાળા** ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૭૧૦/૧૭**

**કાગડાપીઠઃ** લક્ષ્મણભાઇ ભગવાનદાસ લછવાની (રહે. સાગર સોસાયટી સુર્યા સીટીની બાજુમાં હીરાભાઇ ટાવરની પાછળ ઉત્તમનગર મણીનગર) એ તા.૪/૪/૧૭ નારોજ **કાગડાપીઠ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે કાંકરીયા ગોરધનવાડી ચાર રસ્તા ઉર્મીકુંજ કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાના જય ભગવાન મેડીકલ સ્ટોર્સમાં પાર્ટ ટાઈમ કામ કરતો આરોપી હાર્દિકભાઇ વ્યાસ (રહે. પીપળાની પોળ રાયપુર ગેટ ખાડીયા) મેડીકલ સ્ટોરમાંથી ગ્રાહકો દવા આપી ગ્રાહકે આપેલ પૈસામાંથી છુટ્ટા પૈસા આપતી વખતે ગ્રાહકે આપેલ પૈસા મુઠ્ઠીમાં રાખી ખીસ્સામાં મુકી દઈ છેલ્લા એક વર્ષથી તા.૨/૧/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન કુલ રૂપિયા ૭,૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**એલીસબ્રીજ:** પ્રિયાબહેન ડો\ઓ વૈકેનાથ કુમારસીંગ (રહે.સ્ટુડન્ટ હાઉસ કોચરબગામ પાલડી એલીસબ્રીજ) એ તા.૪/૪/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૪/૧૭ કલાક ૭/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાંથી મોબાઈલ ફોન નંગ-૪ , કેમેરો, લેપટોપ અને જરૂરી દસ્તાવેઝ મળી કુલ કિમત રૂપિયા ૪૬,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

**<u>વાહન ચોરી:</u>** **<u>સમાચાર યાદી નં.૭૧૧/૧૭</u>**

**વેજલપુર:** શેતલ હસમુખભાઇ શાહ (રહે.ઇન્દ્રપ્રસ્થ રૉ હાઉસ,લાવણ્ય સોસાયટી,પ્રથમા બ્લડ બેંકની બાજુમા વસણા) એ તા.૨૩/૩/૧૭ રાતના કલાક ૦૦/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની ટવેરા ગાડી નંબર જીજે ૧ બી ૮૯૩૫ કિમત રૂપિયા ૧,૫૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૩/૧૭ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શેતલ શાહે તા.૪/૪/૧૭ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી લાલજીભાઈ ભીખુભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૭૧૨/૧૭</u>**

**વેજલપુર: અખ્તરહુસેન અસગરહુસેન અન્સારી (ઉ.વ.૫૮) (રહે. અયાનપાર્ક ફઝ્લે રબ્બી સોસાયટી વિભાગ-૧ આઇશા ફેકટરી પાસે જુહાપુરા) એ બિમારીથી કંટાળી** તા.૩/૪/૧૭ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી **નરસિંહભાઇ વેલાજી** ચલાવે છે.

**શહેરકોટડા:** મોની વા\ઓ જંસુરસીંગ રાજપુત (ઉ.વ.૩૦) (રહે.બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે અરવિંદ મીલની ચાલી પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૩/૪/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર પર જાતે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હમીરભાઇ અળસીભાઇ ચલાવે છે.

**ચાંદખેડા:** શિલ્પાબહેન ડો\ઓ રાકેશકુમાર કશ્યપ (ઉ.વ.૨૪) (રહે. શુભ લક્ષ્મી સોસાયટી પ્રહાલદપાર્ક ચાંદખેડા રેલવે સ્ટેશન પાછળ ચાંદખેડા) **એ અગમ્ય કારણસર** તા.૪/૪/૧૭ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**<br>**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**<br>**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)